ફોન નં.(૦૨૭૮)૨૫૨૧૭૬૦,૨૫૨૧૭૬૧, ૨૫૨૧૭૬૨ ફેક્સ નં. (૦૨૭૮) ૨૫૨૧૭૬૩

# પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ
## ગ્રાહક તકરાર નિવારણ ફોરમ

ઝોનલ કચેરી, "વીજ સેવા સદન", ચાવડી ગેટ,ભાવનગર.
CIN : U40102GJ2003SGC042908
e-mail: forumbhavnagar.pgvcl@gebmail.com

ક્રમાંક: બીઝેડ/ફોરમ/૧૩૧/૧૯–૨૦/ 1890 તારીખ : [redacted]6 JUN 2020

**આર.પી.એ.ડી.**

કેસ નં.૧૩૧/૧૯–૨૦

પ્રતિ,
**શ્રી ભાવેશભાઈ આર.શેઠ,**
નારણભાઈ મોહનભાઈ વતી,
ચામુંડાનિવાસ, યોગીકૃપા પાછળ,
મુ.પો. રતનપર,
જી.સુરેન્દ્રનગર.
**મો.નં.**

**વિષય : મોટી રકમનુ વિજ બિલ આપવા બાબત.**

સંદર્ભ : (૧) આપનો પત્ર તા.૦૧/૦૨/૨૦૨૦ જે અત્રેની કચેરી ને મળ્યા તા.૧૧/૦૨/૨૦૨૦.
(૨) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૧૩૧/૧૯–૨૦/૭૭૫ તા.૧૪/૦૨/૨૦૨૦.
(૩) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૧૩૧/૧૯–૨૦/૧૧૦૭ તા.૦૫/૦૩/૨૦૨૦.

શ્રીમાન,

આપશ્રીની, ઉપરોકત વિષયના સંદર્ભમાં આપના દવારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગર સમક્ષ કરેલ રજુઆતના સંદર્ભમાં આપશ્રીને ફોરમ સમક્ષ **તા.૧૮/૦૩/૨૦૨૦** નાં રોજ સાંભળવામાં આવેલ. જેના સંદર્ભમાં ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ દવારા આપવામાં આવેલ ચુકાદો આ સાથે સામેલ છે.

આપશ્રીની જાણ સારૂ.

**(એમ. પી. સોલંકી)**
**કન્વીનર,**
**ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ**
**પીજીવીસીએલ., ઝોનલ કચેરી ભાવનગર.**

**બિડાણ:– ઉપર મુજબ.**

પ્રતિ: કાર્યપાલક ઇજનેરશ્રી,
પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ
વિભાગીય કચેરી, **સુરેન્દ્રનગર.**

***........ગુજરાત વિધુત નિયંત્રક આયોગના જાહેરનામા નં. ૨/૨૦૧૯ ની કલમ નં. ૨.૫૪. મુજબ સદર હુકમનાં પાલન અંગે થયેલ કાર્યવાહીનો જરૂરી અહેવાલ અત્રેની ફોરમ કચેરીને ફરજીયાત પાઠવવાનો રહેશે.***

**નકલ રવાના:–**
૧) શ્રી અધિક્ષક ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, વર્તુળ કચેરી, **સુરેન્દ્રનગર.**
૨) શ્રી નાયબ ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, પેટા વિભાગીય કચેરી, **જોરાવરનગર.**
...આપની જાણ તથા જરૂરી કાર્યવાહી અર્થે.

Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar

(ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ,ભાવનગર સમક્ષ)

ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,
પ.ગુ.વી.કં.લિમીટેડ, ઝોનલ ઓફિસ,
"વીજ સેવા સદન", ચાવડી ગેટ,
ભાવનગર.

☞ **કેઈસ નંબર – ૧૩૧/૧૯–૨૦** ☜

વાદી :–
**શ્રી ભાવેશભાઈ આર.શેઠ (નારણભાઈ મોહનભાઈ વતી)**

◊ **વિરૂધ્ધ** ◊

પ્રતિવાદી :– પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ

◈ **રજુઆતની તારીખ:– તા.૧૮/૦૩/૨૦૨૦** ◈

હાજર રહયા :– શ્રી ભાવેશભાઈ આર.શેઠ – (વાદી શ્રી નારણભાઈ મોહનભાઈ વતી)

પ્રતિવાદી :– શ્રી એમ.વી.ઝાલા, નાયબ ઈજનેર, ગ્રામ્ય વિભાગીય કચેરી, સુરેન્દ્રનગર.
(પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ વતી)

શ્રી ભાવેશભાઈ આર.શેઠ(વાદી શ્રી નારણભાઈ મોહનભાઈ વતી), મુ.રતનપર, જી.સુરેન્દ્રનગર ની મોટી રકમનુ વિજ બિલ આપવા બાબતની રજુઆત કન્વીનરશ્રી, ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગરને મળતાં, ફોરમે તેનાં ફરિયાદ રજીસ્ટરમાં ક્રમાંક : ૧૩૧/૧૯–૨૦ થી નોંધી તેનાં યોગ્ય નિરાકરણ માટે અધિક્ષક ઈજનેરશ્રી, વર્તુળ કચેરી, સુરેન્દ્રનગર ને પત્ર નં.બીઝેડ/ફોરમ/૧૩૧/૧૯–૨૦/૭૭૫ તા.૧૪/૦૨/૨૦૨૦ થી વાદીશ્રીની જાણ હેઠળ મોકલી આપેલ.

આમ છતાં, ફોરમે વાદીશ્રીને તેમની ફરિયાદ બારામાં લેખીત / મૌખીક રજુઆત કરવા તા.૧૮/૦૩/૨૦૨૦ નાં રોજ ઉપસ્થિત રહેવા જણાવેલ. જેમાં વાદી વતી શ્રી ભાવેશભાઈ આર.શેઠ હાજર રહેલ તથા પ્રતિવાદી તરફે શ્રી એમ.વી.ઝાલા, નાયબ ઈજનેર, ગ્રામ્ય વિભાગીય કચેરી, સુરેન્દ્રનગર ઉપસ્થિત રહેલ.

☞ **વાદીશ્રીની રજુઆત:– ફોરમને કરેલ લેખિત અરજી મુજબ રજુઆત છે કે...**

૧.૧ નારણભાઈ મોહનભાઈ પેટા વિભાગીય કચેરી, જોરાવરનગર નો ગ્રાહક છે. જે ઘર વપરાશનું વિજ કનેકશન ધરાવે છે. જેનો ગ્રાહક નં – ૨૪૬૦૧/૦૦૦૦૯/૨ છે.

૧.૨ નારણભાઈ મોહનભાઈ ને રેગ્યુલર બિલ મળે છે અને તે મુજબ બિલની રકમ ભરપાઈ કરવામાં આવે છે. આમ છતાં, પેટા વિભાગીય કચેરી જોરાવરનગર દ્વારા પત્ર નં–૩૩૭૮ તા.૦૮/૧૦/૨૦૧૯ થી રૂા.૨૮,૮૩૮ નુ વધારાનું બિલ ભરવા માટે નોટીસ આપવામા આવેલ છે. જે બિલ ભરવાપાત્ર નથી.

Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar

☞ **<u>પ્રતિવાદીશ્રીની રજુઆત:– તેમની રજુઆત છે કે,</u>**

૨.૧ વાદી ના વિજ બિલમાં ઓડીટ ૨૦૧૭–૨૦૧૮ ના અહેવાલ મુજબ ગ્રાહકના ખાતામાં ઉધારવામાં આવેલ છે. ઓડીટ ટીમ દ્વારા એનેક્ષ્ચર એ–૧ પારા નં–૧.૪ માં લેબ રીપોર્ટ ના યુનિટ ૧૧૮૩૬ મુજબ ગણીને ૩૬૬૬ યુનિટ મુજબની રકમ રૂા. ૨૮૮૩૮.૩૭ ની વસુલવાના થાય છે. લેબ રીપોર્ટ માં મીટરની સ્થિતિ બરાબર આવેલ છે. એમ.આર.આઈ. રીપોર્ટમાં પણ કોઈ ક્ષતિ માલૂમ જણાતી નથી. લેબ રીપોર્ટ ની અને ઓડીટ રીપોર્ટ ની નકલ આ સાથે સામેલ છે.

૨.૨ વાદી નું મીટર લેબમાં ખુલતા રીડીગ ૧૧૮૩૬ બતાવેલ છે. જેથી, તફાવત ના યુનિટ (૧૧૮૩૫–૭૯૫૮ = ૩૬૬૬ ) વાદી ~~ને~~ ભરપાઈ કરવાના થાય છે. જે આપ સાહેબની જાણ સારૂ.

☞ **<u>ફોરમનું તારણ</u>** :– વાદી અને પ્રતિવાદીની રજુઆત ઉપરથી નીચે મુજબ તારણ નીકળે છે.

૩.૧ વાદી અરજદાર ભાવેશભાઈ આર.શેઠ ગામ–રતનપરમાં નારણભાઈ મોહનભાઈ ની જગ્યા ભાડે રાખી, નારણભાઈ મોહનભાઈ નું ઘરવપરાશ નું વીજજોડાણ ગ્રાહક નં. ૨૪૬૦૧/૦૦૦૦૯/૨ નો વપરાશ કરે છે.

૩.૨ વાદી ની ફરીયાદ પરથી પ્રતિવાદી એ તા. ૩૦/૧૦/૨૦૧૭ ના રોજ વાદીનું વિજ સ્થાપન નું સીગલ ફેઈઝ વિજ જોડાણનુ મીટર બદલાવેલ જે રીપોર્ટ મુજબ વાદીના વિજ જોડાણ ના મીટરમાં રીડીગ ૧૧૮૩૪ જણાય છે.

૩.૩ વાદીની ફરીયાદ છે કે, તા.૩૦/૧૦/૨૦૧૭ ના રોજ તેનું મીટર જમ્પ મારવાથી રીડીગ ૧૧૮૩૪ થયેલ છે. અને તે મુજબ પ્રતિવાદી એ આપેલ ૩૬૬૬ યુનિટ નુ રૂા. ૨૮૮૩૮.૩૭ નુ બિલ અયોગ્ય આપવામાં આવેલ છે.

૩.૪ પ્રતિવાદીએ જુના મીટર નો એમ.આર.આઈ. ડેટા, જેમાં ૧૨ બિલ નો હીસ્ટ્રી રીપોર્ટ આવે છે તે રેકર્ડ રજૂ કરેલ છે. એમ.આર.આઈ ના રીપોર્ટ મુજબ વાદીના મીટરના છેલ્લા રીડીગ ૧૧૮૩૪.૯ બતાવે છે. જે મીટરચેન્જ કરતા સમયે બતાવેલ રીડીગ ૧૧૮૩૪ સાથે મેચ થાય છે. તેમજ એમ.આર.આઈ. નો ડેટા ના ૧૨ બીલીગ હિસ્ટ્રી અને પી.આર.ટી.– ૧૪૫ માં બતાવ્યા મુજબ ના રીડીગ ચેક કરતા પ્રતિવાદી ના મીટર રીડરે એપિલ–૨૦૧૭ થી ઓકટો–૨૦૧૭ સુધી લીધેલા મીટરમાં રેકર્ડ થયા મુજબ નથી લીધેલ. જેના કારણે, વાદી ના મીટરમાં વપરાશ યુનિટ **એકયુમ્યુલેટ** થયેલ. આથી, પ્રતિવાદી એ આપેલ વિજ વપરાશ ૩૬૬૬ યુનિટ નું બિલ વાદીએ ભરવાપાત્ર થાય છે.

Consumer Grievance Redressal Forum
P.G.V.C.L.
Bhavnagar

**–:: હુકમ ::–**

- વાદીની રજુઆત, પ્રતિવાદીની રજુઆત તેમજ ફોરમ સમક્ષ રજુ થયેલ દસ્તાવેજી પુરાવા અને ઉપરના તારણો પરથી તારણ નં." ૩.૪ મુજબ હુકમ કરવામાં આવે છે કે, વાદી ને આપવામાં આવેલ બિલ યોગ્ય છે. તેથી, વાદી ની અરજી ગ્રાહય રાખવામાં આવતી નથી. "

- સદર હુકમ સામે વાદીશ્રીને વાંધો કે તકરાર હોય તો આ હુકમ મળ્યે દિવસ–૩૦ માં વિદ્યુત લોકપાલશ્રીની કચેરી, બ્લોક નં.૩, પોલીટેકનીક કંમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ સમક્ષ અપીલ કરી શકે છે.

(બી. જે. દવે)
સ્વતંત્ર સભ્યશ્રી

(પી. એલ. આજકીયા)
ટેકનીકલ સભ્યશ્રી

(એમ. આર.વજરીયા)
અધ્યક્ષશ્રી,
ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ
પ.ગુ.વિ.કું.લી.:ભાવનગર.

તારીખ :– ૧૮.૦૩.૨૦૨૦

Consumer Grievance Redressal Forum
P.G.V.C.L.
Bhavnagar